સંદેશ, પાના નંબર :- ૧૮
તારીખ :- ૦૯/૦૯/૨૦૨૬

### વિદેશી લોન મુશ્કેલ બનતા હુડકોની લોન લેવા ચક્રો ગતિમાન કરાયા

# મેટ્રો રેલ પ્રોજેક્ટના ત્રીજા તબક્કા માટે હુડકોની ૧,૫૭૦ કરોડની લોન લેવાશે

### ગિફ્ટસિટી એક્સ્ટેન્શન સહિતનો ત્રીજો તબક્કો કુલ રૂ. ૩,૨૩૬ કરોડમાં પડવાનો અંદાજ

। ગાંધીનગર ।

ગુજરાતમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ હાથ ધરતી અને તેનું સંચાલન કરતી કંપની-ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના મેટ્રો રેલ પ્રોજેક્ટના ત્રીજા તબક્કા માટે કેન્દ્ર સરકારના ઉપક્રમ હુડકો પાસેથી રૂ.૧,૫૭૦ કરોડની લોન મેળવવા કાર્યવાહી થઈ રહી છે. કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયને હુડકોની લોન મેળવી અપાવવા માટે જીએમઆરસી કંપનીએ પ્રપોઝલ મોકલી દીધી છે. આ લોન જો ઉપલબ્ધ થશે તો કંપનીને ૭.૮થી ૮.૨ ટકા જેટલા ઊંચા કમર્શિયલ રેટથી વ્યાજ ચૂકવવું પડશે. વિદેશી લોન મેળવવી મુશ્કેલ બનતાં હુડકો પાસેથી લોન લેવા ચક્રો ગતિમાન થયા છે.

અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના મેટ્રો રેલ પ્રોજેક્ટ દ્વારા ત્રીજા તબક્કામાં ગિફ્ટસિટીથી ૩.૩ કિલોમીટર સુધી મેટ્રોરેલ લંબાવવા તથા મોટેરા જંકશનથી ૬.૦૩ કિલોમીટર દૂર ઍરપોર્ટ સુધી મેટ્રો રેલ લંબાવવા કાર્યવાહી કરવાની હોઈ આ લોન લેવા પ્રક્રિયા હાથ ધરાઈ છે.

ગિફ્ટસિટી એક્સ્ટેન્શન માટે રૂ.૧,૦૬૭ કરોડના અને ઍરપોર્ટ મેટ્રો કનેક્ટિવિટી માટે રૂ.૨,૧૬૯ કરોડના મળીને કુલ રૂ. ૩,૨૩૬ કરોડના ખર્ચનો અંદાજ મૂક્યો છે, જે પૈકી રૂ.૧,૫૭૦ કરોડની નવી લોન કંપની દ્વારા ઉભી કરાશે, તેમ નક્કી થયું છે, જ્યારે અન્ય રૂ.૧,૬૬૬ કરોડ પ્રોજેક્ટમાં ગુજરાત સરકાર અને ભારત સરકારના ૨૦-૨૦ ટકાના હિસ્સા રૂપે મેળવાશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ- ગાંધીનગર વચ્ચેના મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધી પ્રથમ તબક્કા માટે રૂ.૬,૦૬૬ કરોડની લોન જાપાન સરકારની એજન્સી જાઈકા પાસેથી અને બીજા તબક્કા માટે રૂ.૨,૮૦૦ કરોડની લોન ફ્રાન્સ-જર્મનીની સંયુક્ત એજન્સી એએફડી-કેએફડબલ્યુ પાસેથી મેળવાઈ છે. પ્રથમ તબક્કામાં રૂ.૧૨,૯૨૪.૫૫ કરોડના ખર્ચે ૪૦.૩ કિલોમીટરની અને દ્વિતીય તબક્કામાં રૂ. ૫,૩૮૪.૧૭ કરોડના ખર્ચે ૨૮.૨૫ કિલોમીટરની લાઈન નાંખવાની કામગીરી થઈ છે.